**Gujarat University Admission Cell**

**Press Release**

**તારીખ-30/0૬/૨૦૨૪**

આજ રોજ તા: ૩૦/૦૬/૨૦૨૪ બપોરે ૧૨:૧૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી પ્રવેશ સમિતિની મિટિંગ માન. કુલપતિશ્રી ની અધ્યક્ષતામાં ગુજરાત યુનિવર્સિટીની સિન્ડીકેટ રૂમમાં યોજાયેલ જેમાં UG અને PG અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે સઘન ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબના બાબતો ને ઠરાવવામાં આવી.

૧) **UG અભ્યાસ્ક્રમોના** બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા તા: ૦૧/૦૭/૨૦૨૪ થી ૦૩/૦૭/૨૦૨૪ સુધીમાં કરવાની રહેશે જેમાં પ્રથમ રાઉન્ડની ગાઈડલાઈન મુજબ જ પ્રક્રિયા કરવાની રહશે. આથી તમામ કોલેજોને જણાવવામાં આવે છે કે પ્રવેશ પ્રક્રિયા કરવા માટે વિધ્યાર્થીઓને સુવિધા મળી રહે તે ઉમદા હેતુસર **તા: ૦૧/૦૭/૨૦૨૪ થી ૦૩/૦૭/૨૦૨૪ સુધી તમામ UG કોલેજોની** એડમિશન પ્રક્રિયા **સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ સુધી ચાલુ રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે.**

૨) GCAS દ્વારા **UG અભ્યાસ્ક્રમોના** તા: ૦૪/૦૭/૨૦૨૪ થી ૦૬/૦૭/૨૦૨૪ સુધીમાં નવા રજિસ્ટ્રેશન તથા Application Edit કરવાની સુવિધા આપવાની હોઈ તેમાં વિધ્યાર્થીને મદદ કરવી. **૦૭/૦૭/૨૦૨૪ થી ઓફલાઇન પ્રવેશ પ્રક્રિયા Inter-se મેરીટના આધારે કરવાનું રાખવું.**

૩) **PG અભ્યાસ્ક્રમોના** બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા તા: ૦૧/૦૭/૨૦૨૪ થી ૦૩/૦૭/૨૦૨૪ સુધીમાં નવા રજિસ્ટ્રેશન તથા Application Edit કરવાની સુવિધા આપવાની હોઈ મદદ કરવાની રહેશે જેમાં **૦૪/૦૭/૨૦૨૪ થી ઓફલાઇન પ્રવેશ પ્રક્રિયા Inter-se મેરીટના આધારે કરવી.**

૪) **બી.એડ ની પ્રવેશ પ્રક્રિયા** તા: ૦૧/૦૭/૨૦૨૪ થી decentralized સંબંધિત affiliated કોલેજ દ્વારા કરવાની રહેશે. દરેક કોલેજે **Inter-se Merit List દ્વારા** એડમિશન કરવાનું રહેશે. તમામ વિધ્યાર્થીઓનું GCAS રજિસ્ટ્રેશનની ગાઈડલાઈન્સ પાલન કરવાની રહેશે.

૫) સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થાઓએ Inter-se મેરીટના આધારે તથા કેટેગરી/Reservation ના નિયમો અનુસાર કરવાની રહેશે. તમામ વિધ્યાર્થીઓનું GCAS રજિસ્ટ્રેશન કરવાનું ફરજિયાત છે.